# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,ભુજ

PGVCL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએએફ/૨૦૧૯ NO 035 તારીખ: 27 FEB 2019

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,

જેશાભાઈ અમરાભાઈ કેરાસીયા,

ગામ-ચપરેડી,

તા-ભુજ-કચ્છ,

મોબાઇલ નંબર:- ૯૪૨૮૨૩૪૩૦૫

વિષય :- કેસ નંબર પીજી૦૪/૦૦૫/૨૦૧૮-૧૯

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૪/૦૦૫/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

(૨) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, ભુજ રૂરલ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક ફરીયાદનિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ № 035

તારીખ: 27 FEB 2019

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-005-2018-19.

અરજદાર: જેશાભાઈ અમરાભાઈ કેરાસિયા
એલ.એસ.નં.૨૬૦, ગામ-ચપરેડી
તા.ભુજ-કચ્છ

રજૂઆત કરનાર: અરજદારશ્રી પોતે હાજર છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ
રજૂઆત કરનાર: શ્રી એન.ડી.ઠક્કર,નાયબઈજનેરશ્રી,પીજીવીસીએલ,ભુજ ગ્રામ્ય પેટાવિભાગ

## :: કોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૨૫/૦૧/૨૦૧૯



Scanned by CamScanner

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અમો આપના તાબા હેઠળની ભુજ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી મધ્યે ગામ-ચપરેડીમાં ખેતીવાડીનું ૩૫ હો.પા.નું કનેક્શન ગ્રા.નં.૩૮૮૦૫/૦૦૬૦૮/૪ થી ધરાવીએ છે.

૧.૧ સદર વીજજોડાણમાં બીલીંગ માસ - ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૫ થી ડિસેમ્બર-જાન્યુઆરી-૨૦૧૮ દરમ્યાન કુલ ૧૪ બીલીંગ પીરીયડમાં એવરેજ મુજબનું રૂ.૨૧,૦૩૬/-નું ઓડીટ રીકવરીનું બીલ અમોને આપવામાં આવેલ. જે ઓડીટ રીકવરી અમારા મત મુજબ ખોટી છે.

૧.૨ અમારા સદર વીજકનેક્શનમાં વીજમીટર નો કેબલ બળી ગયેલ હતો. આ બાબતે અમોએ બે વખત પેટાવિભાગીય કચેરી મધ્યે લેખિત અરજી દ્વારા જાણ કરેલ હતી. પરંતુ આપની કંપની દ્વારા મીટર બદલાવવામાં વિલંબ કરવામાં આવેલ.

૧.૩ તદુપરાંત આપના મીટર રીડર દ્વારા પણ આ સમયગાળા દરમ્યાન જે એવરેજ મુજબના બીલો અમોને આપવામાં આવેલ તે તમામ અમોએ ભરપાઈ કરી આપેલ છે. તેમ છતાં આટલી વધુ રકમની ઓડીટ રીકવરી આપવામાં આવેલ છે જે અમારા મત મુજબ અયોગ્ય છે.

૧.૪ તો આ બાબતે યોગ્ય કરી અમોને સદર ઓડીટ રીકવરી મુજબનું બીલ માફ કરી આપવા અમારી સી.જી.આર.એફ. સમક્ષ નમ્ર અરજ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી જેશાભાઈ અમરાભાઈ કેરાસિયા ગ્રા.નં.૩૮૮૦૫/૦૦૬૦૮/૪ થી ગામ-ચપરેડી મધ્યે ખેતીવાડીનું ૩૫ હો.પા.નું કનેક્શન ધરાવે છે.

૨.૧ સદરહુ ગ્રાહકનું ભાવનગર ઓડીટ ટીમ દ્વારા બીલીંગ માસ – ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૫ થી ડિસેમ્બર-જાન્યુઆરી-૨૦૧૮ દરમ્યાન કુલ ૧૪ બીલીંગ પીરીયડમાં એમનું ફોલ્ટી મીટર સ્ટેટસથી નોર્મલ સ્ટેટસ થતાં તેમને ફોલ્ટીની એવરેજ મુજબનું બીલ આપવામાં આવેલ.

૨.૨ દ્વિમાસિક એવરેજ ૪૭૯૦ યુનિટ × ૧૪ બીલીંગ પીરીયડ = કુલ ૬૭૦૬૦ યુનિટમાંથી ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૫ થી ડિસેમ્બર-જાન્યુઆરી-૨૦૧૮ દરમ્યાન ફોલ્ટી મીટર પ્રમાણે અપાયેલ કુલ ૩૨૦૦૦ યુનિટ બાદ કરીને ૩૫૦૬૦ યુનિટની ટેરીફ પ્રમાણે ૧ યુનિટના ૦.૬૦ પૈસા લેખે અરજદારશ્રીને રૂ. ૨૧,૦૩૬/-નું બીલ આપવામાં આવેલ

૨.૩ અરજદારશ્રી ૩૫ હોર્સપાવરનું વીજકનેક્શન ધરાવે છે અને તેમનું ફોલ્ટી મીટર તા. ૨૯/૧૦/૨૦૧૮ના રોજ બદલવામાં આવેલ અને મીટરમાં ડીસ્પ્લે બંધ હોવાથી રીડીંગ આવી શકેલ નહીં.

૨.૪ મીટર બદલ્યા પછી નવા મીટરમાં બીલીંગ પીરીયડ ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૮માં તા.૨૬/૧૨/૨૦૧૮ના રોજ કુલ ૫૯ દિવસનો ૬૧૯૭ યુનિટનો વપરાશ નોંધાયેલ છે. આમ, સદરહુ ગ્રાહકનો લોડ જોતાં ઉપર મુજબની ઓડીટ રીકવરી યોગ્ય અને ભરવાપાત્ર છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રી જેસાભાઈ અમરાભાઈ કેરાસિયા ભુજ તાલુકાના ચપરેડી ગામે ભુજ(ગ્રામ્ય) પેટા વિભાગ હેઠળ ૩૫ હોર્સપાવરનું ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે. જેના ગ્રાહક નંબર- ૩૮૮૦૫/૦૦૬૦૮/૪ છે. તેમજ A2 ટેરીફ મુજબ બીલીંગ કરવામાં આવે છે.



Scanned by CamScanner

૩.૧ પીજીવીસીએલ ભાવનગર ઓડીટ ટીમ દ્વારા બિલીંગ માસ સપ્ટેમ્બર-૧૫ થી ડિસેમ્બર-જાન્યુઆરી-૨૦૧૮ દરમ્યાન કુલ ૧૪ બિલીંગ પીરીયડમાં ફોલ્ટી મીટરના સ્ટેટસથી નોર્મલ સ્ટેટસ થતા તેમની ફોલ્ટી એવરેજ મુજબ રિકવરી કાઢવામાં આવેલ.

૩.૨ દ્વિમાસીક ૪૭૯૦ યુનિટ × ૧૪ બીલીંગ પીરીયડ = ૬૭૦૬૦ યુનિટની સામેસદરહુ સમયગાળા દરમ્યાન ફોલ્ટી સ્ટેટસ પ્રમાણે અપાયેલ કુલ યુનિટ ૩૨૦૦૦ બાદ કરતાં કુલ ૩૫૦૬૦ યુનિટની ટેરીફ પ્રમાણે એક યુનિટના ૦.૬૦ પૈસા લેખે રૂ. ૨૧૦૩૬/- સદરહુ ગ્રાહક ખાતે ઉધારવામાં આવેલ.

૩.૩ અરજદારનું મીટર ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૫માં ફોલ્ટી થવા છતાં( ડીસ્પ્લે બંધ હોવાથી) પીજીવીસીએલ દ્વારા તા. ૨૯/૧૦/૨૦૧૮ના રોજ આશરે ૩(ત્રણ) વર્ષ બાદ મીટર બદલવામાં આવેલ છે.

૩.૪ પીજીવીસીએલ દ્વારા મીટર ચકાસણીનો લેબોરેટરી રીપોર્ટ રજૂ કરેલ નથી.

૩.૫ પીજીવીસીએલ દ્વારા ૩(ત્રણ) વર્ષથી વધારે સમયથી થ્રી ફેઈઝ ફોલ્ટી મીટર નહીં બદલવા માટે લાગુ પડતા કર્મચારી / અધિકારીની જવાબદારી નક્કી કરી શિસ્તભંગની કાર્યવાહી કરવી.

૩.૬ તદ્ઉપરાંત જી.ઈ.આર.સી.ના નોટીફીકેશન ૪/૨૦૧૫ સપ્લાય કોડની શરત ૬.૮૪ મુજબ કોઈપણ ગ્રાહક પાસે ચૂકવણીમાં કસૂરને કારણે બાકી નીકળતી રકમ, આવી રકમ પ્રથમ બાકી નીકળે તે તારીખથી ૨ વર્ષની મુદ્દત પછી વસૂલવાપાત્ર થશે નહીં.

૩.૭ ઉપરોક્ત ક્લોઝ મુજબ આ ગ્રાહકના કિસ્સામાં દ્વિમાસિક-૧૨ બીલીંગથી વધારે એટલે કે ૨૪ માસથી વધારે રીકવરી કરી શકાય નહીં.

૩.૮ ઉક્ત સંજોગોમાં ભાવનગર ઓડીટ ટીમના નિરીક્ષણના અનુસંધાને દ્વિમાસિક ૪૭૯૦ યુનિટ મુજબ ૧૪ બીલીંગ પીરીયડ માટે જે પુરવણી બીલ આપવામાં આવેલ છે તે સુધારીને ૧૨ બીલીંગ પીરીયડ માટે સુધારો કરી આપવાનો પીજીવીસીએલને હુકમ કરવામાં આવે છે.

૩.૯ સદર રીવાઈઝ પુરવણી બીલની રકમના ૪(ચાર) સરખા માસિક હપ્તા કરી આપવાની પીજીવીસીએલને આથી સૂચના આપવામાં આવે છે.

૪.૦ સદર પુરવણી બીલની રકમના હપ્તા સમયસર ભરપાઈ થઈ જાય તે શરતોથી ડીલે પેમેન્ટ ચાર્જ વેઈવ કરવાની પીજીવીસીએલને સૂચના આપવામાં આવે છે.

૪.૧ અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે. આમ, અરજદારની અરજી ફેંસલ કરવામાં આવે છે.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી. પારેખ)
ચેર પર્સન

PG-03-005-2018-19



Scanned by CamScanner

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Certified Copy

CGRF, PGVCL, BHUJ



Scanned by CamScanner